શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ
સા વિદ્યા યા વિમુક્તયે
સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૧૦

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા., શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય : સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી**

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## શાંતિ–સ્તવ (લઘુશાંતિ)

**મૂળ:-** **એવંયન્નામાક્ષર - પુરસ્સરં - સંસ્તુતા જયાદેવી ।**
**કુરુતે શાન્તિં નમતાં, નમો નમઃ શાન્તયે તસ્મૈ ।।૧૫।।**

**શબ્દાર્થ-**

**એવં** –ઉપર કહ્યા મુજબ.

**યન્નામાક્ષર-પુરસ્સરં** –જેમનાં નામમંત્ર અને અક્ષરમંત્રોની પુરશ્ચર્યા–પૂર્વક.

**સંસ્તુતા** –સારી રીતે સ્તવાયેલી.

**જયાદેવી** – જયાદેવી.

**કુરુતે શાન્તિં**– શાંતિ કરે છે.

**નમતાં**– નમન કરનારાઓને.

**નમો નમઃ**–નમસ્કાર હો, નમસ્કાર હો.

**શાન્તયે તસ્મૈ**– તે શ્રીશાંતિનાથ ભગવાનને.

**અર્થ-સંકલના -**

ઉપર કહ્યા મુજબ જેમનાં નામ-મંત્ર અને અક્ષર-મંત્રોની પુરશ્ચર્યા-પૂર્વક સ્તવાયેલી (વિજયા-) જયાદેવી નમન કરનારાઓને શાંતિ કરે છે, તે શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર હો. નમસ્કાર હો...૧૫

**મૂળ :-**

(ફલશ્રુતિ)

**ઇતિ પૂર્વસૂરિ-દર્શિત-મન્ત્રપદ-વિદર્ભિતઃ સ્તવઃ શાન્તેઃ ।**
**સલિલાદિ-ભય-વિનાશી, શાન્ત્યાદિકરશ્ચ ભક્તિમતામ્ ॥૧૬॥**

**શબ્દાર્થ-**

**ઇતિ** - પ્રાન્તે.
**પૂર્વસૂરિ-દર્શિત-મન્ત્રપદ-વિદર્ભિતઃ**- પૂર્વસૂરિઓએ ગુરુ-આમ્નાયપૂર્વક પ્રકટ કરેલાં મંત્ર-પદોથી ગૂંથાયેલું.
**સ્તવઃ શાન્તેઃ**- શાન્તિ-સ્તવ.
**સલિલાદિ-ભય-વિનાશી**- જળ વગેરેભયોનો વિનાશ કરનાર.
**શાન્ત્યાદિકરઃ**- શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ વગેરે કરનાર.
**ચ**- અને
**ભક્તિમતામ્** - ભક્તિ કરનારાઓને, વિધિપૂર્વકનું અનુષ્ઠાન કરનારાઓને.

**અર્થ-સંકલના -**

પ્રાંતે જણાવવાનું કે શાન્તિ-સ્તવ પૂર્વસૂરિઓએ ગુરુ આમ્નાયપૂર્વક પ્રકટ કરેલાં મંત્રપદોથી ગૂંથાયેલું છે અને તે વિધિ-પૂર્વકનું અનુષ્ઠાન કરનારાઓને જળ વગેરે ભયોમાંથી મુક્ત કરનારું તથા ઉપદ્રવોની શાન્તિ કરવાપૂર્વક તુષ્ટિ અને પુષ્ટિને પણ કરનારું છે....૧૬

**મૂળ :-**

**યશ્ચૈનં પઠતિ સદા, શ્રૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્ ।**
**સહિ શાન્તિપદં યાયાત્, સૂરિઃ શ્રીમાનદેવશ્ચ ॥૧૭॥**

**શબ્દાર્થ-**

**યઃ** - જે.
**ચ**- અને.
**એનં**- આ સ્તવને.
**પઠતિ**- ભણે છે.
**સદા**- નિરંતર.
**શ્રૃણોતિ**- બીજા પાસેથી સાંભળે છે.
**ભાવયતિ વા યથાયોગમ્**- અથવા મંત્ર-યોગના નિયમ-પ્રમાણે તેની ભાવના કરે છે.

**સ**- તે.
**હિ**- નિશ્ચય.
**શાન્તિપદં**- શાંતિપદને, સિદ્ધિપદને.
**યાયાત્**- પામે.
**સૂરિઃ શ્રીમાનદેવશ્ચ**-શ્રીમાન દેવ સૂરિ પણ.

**અર્થ-સંકલના -**

અને જે આ સ્તવને સદા ભાવ -પૂર્વક ભણે છે, અન્યની પાસેથી ભાવ-પૂર્વક સાંભળે છે, તેમજ મંત્ર-યોગના નિયમ પ્રમાણે તેની ભાવના કરે છે, તે નિશ્ચય શાન્તિપદને પામે છે. સૂરિ શ્રીમાનદેવ પણ શાન્તિપદને પામો...૧૭

**મૂળ :-**

(અંત્ય-મંગલ)
(સિલોગો)

**ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્ન-વલ્લયઃ ।**
**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૧૮॥**

**શબ્દાર્થ-**

**ઉપસર્ગાઃ** -ઉપસર્ગો, આફતો.
**ક્ષયં યાન્તિ** - નાશ પામે છે.
**છિદ્યન્તે**- છેદાય છે.
**વિઘ્ન-વલ્લયઃ** - વિઘ્ન રૂપી વેલીઓ.
**મનઃ** - મન, ચિત્ત,
**પ્રસન્નતામ્ એતિ** - પ્રસન્નતાને પામે છે.
**પૂજ્યમાને જિનેશ્વરે**-જિનેશ્વરને પૂજવાથી.

**અર્થ-સંકલના -**

શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરતાં સમસ્ત પ્રકારનાં ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નરૂપી વેલીઓ છેદાઇ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે....૧૮

**મૂળ :-**

**સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણકારણમ્ ।**
**પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૧૯॥**

**શબ્દાર્થ-**

સર્વ-મંગલ-માંગલ્યં-અર્થ પહેલાં મુજબ.

**અર્થ-સંકલના -**

સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોનાં કારણરૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈન શાસન (પ્રવચન) સદા જયવંતું વર્તે છે....૧૯

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## અલ્પ બહુત્વ

पज्जमणु बायरग्गी, वेमाणिय भवण निरय वंतरिया ।
जोइस चउ पण तिरिया, बे इंदिय तेइंदिय भू आऊ ।३९।।
वाउवणस्सइ चिय, अहिया अहिया कमेणमे हुंति ।
सव्वे वि इमे भावा, जिणा मओ णंतसो पत्ता ।।४०।।

પર્યાપ્તા મનુષ્ય, બાદર અગ્નિકાય, વૈમાનિક, ભવનપતિ, નારકી, વ્યંતર, જ્યોતિષી, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, પૃથ્વીકાય, અપકાય, વાયુકાય અને નિશ્ચે વનસ્પતિકાય એ બધા અનુક્રમે એક એકથી અધિક હોય છે.

હે જિનેશ્વરો ! આ સર્વે પણ ભાવો મેં અનંતીવાર પ્રાપ્ત કર્યા છે.

ક્યા જીવોની સંખ્યા ઓછી (અલ્પ)... ક્યા જીવોની તેનાથી કેટલી વધુ તેની જાણકારી જીવોનું અલ્પ બહુત્વ કહેવાય છે.

સંખ્યામાં ગણત્રી શક્ય હોય ત્યાં સુધી સંખ્યાત શબ્દ વપરાય... ગણત્રી શક્ય ન બને તે અસંખ્યાત અને તેનાથી સવિશેષ વધારે તે અનંત કહેવાય છે.

**જીવોનું અલ્પ બહુત્વ નીચે મુજબ છે. :-**

(૧) **પર્યાપ્ત મનુષ્યો** - સહુથી અલ્પ, તેનાથી

(૨) **બાદર અગ્નિકાય**- અસંખ્યાત ગુણ તેનાથી (આનો અર્થ મનુષ્યો કરતાં અગ્નિકાયના જીવો અસંખ્યાત ગુણ અધિક છે. આવી જ રીતે આગળ પણ સમજવું.)

(૩) **વૈમાનિક દેવો** - અસંખ્યાત ગુણ, તેનાથી.

(૪) **ભવનપતિ દેવો** - અસંખ્યાત ગુણ, તેનાથી.

(૫) **નારકો** - અસંખ્યાત ગુણ, તેનાથી.

(૬) **વ્યંતર દેવો** - અસંખ્યાત ગુણ, તેનાથી

(૭) **જ્યોતિષી દેવો** - અસંખ્યાત ગુણ, તેનાથી

**(૮) ચઉરિન્દ્રિય જીવો** - અસંખ્યાત ગુણ, તેનાથી.
**(૯) પંચેન્દ્રિય તિર્યંચ** - વિશેષાધિક, તેનાથી. (અર્થાત્ ચઉરિન્દ્રિય જીવો કરતાં પંચેન્દ્રિય તિર્યંચો બમણા કરતાં ઓછા છે)
**(૧૦) બેઈન્દ્રિય જીવો** - વિશેષાધિક, તેનાથી
**(૧૧) તેઈન્દ્રિય જીવો** - અસંખ્યાત ગુણ, તેનાથી
**(૧૨) પૃથ્વીકાય જીવો** - અસંખ્યાત ગુણ, તેનાથી.
**(૧૩) અપકાય જીવો** - અસંખ્યાત ગુણ, તેનાથી.
**(૧૪) વાયુકાય જીવો** - અસંખ્યાત ગુણ, તેનાથી.
**(૧૫) વનસ્પતિકાય જીવો**- અનંતગુણ.

## અગ્નિકાયના ભેદો.

इंगाल-जाल-मुम्मुर-उक्कासणि - कणग विज्जुमाइया ।
अगणि-जियाणं-भेया, नायव्वा निउण- बुद्धीए ।।६।।

જાલ, અંગારા, તણખા, ઉલ્કાપાત, વીજળી આદિ અગ્નિકાય છે.

અંગારા, જાળ, તણખા, ઉલ્કાપાત, આકાશી તણખાં, કણીયા અને વીજળી વગેરે અગ્નિ જીવોના ભેદો સૂક્ષ્મ બુદ્ધિથી જાણવા.

આ અલ્પબહુત્વનો સૂક્ષ્મતાથી ઉંડાણ પૂર્વક વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવે કે આ વિશ્વમાં રહેલા સર્વ પ્રકારના જીવોમાં સહુથી અલ્પ સંખ્યામાં મનુષ્યો છે. તે જ માનવ ભવની દુર્લભતાને સિદ્ધ કરે છે.

વૈમાનિક દેવો પણ મનુષ્યથી અસંખ્યાત ગુણ અધિક છે. આવા દુર્લભ માનવ ભવની આપણને મહાન પુણ્યના યોગે પ્રાપ્તિ થઈ છે. બીજા સર્વ ભવો જીવે અનંતીવાર પ્રાપ્ત કર્યા છે હવે બીજા ભવોને પ્રાપ્ત ન કરતાં આ જીવ મળેલા માનવ ભવની સુંદર આરાધના કરીને ભવભ્રમણને મર્યાદિત કરી દે. તથા જલ્દી જ આ જન્મ-મરણની જંજાળમાંથી મુક્ત બની જાય.

## અપકાયના ભેદો

भोमंतरिक्खमुदगं ओसा हिम - करग - हरितणु महिया ।
हुंति धणोदहिमाई, भेयाणुगा य आउस्स ।। ५ ।।

ભૌમ, આકાશી ઝાકળ, હિમ, કરાદિ જલ. ધનોદધ્યાદિ અપ્કાય છે.

ભૂમિનું અને આકાશનું પાણી, ઝાકળ, બરફ, કરા, લીલી વનસ્પતિ ઉપર ફુટી નીકળતું પાણી, ધુમ્મસ અને ઘનોદધિ વગેરે જલના ભેદો છે.

संपइ तुम्ह भत्तस्स, दंडग पय भमण भग्ग हिययस्स ।
दंडतिय विरय सुलहं, लहु मम दिंतु मुक्खपयं ।।४१।।

હમણાં ચોવીસ દંડકના સ્થાનને વિષે ભમવાથી ખેદ યુક્ત મનવાળા અને તમારા ભક્ત એવા મને મન, વચન, અને કાયા એ ત્રણ દંડના વિરામ સુલભ એવું મોક્ષપદ જલ્દી આપો.

હે પ્રભુ ! દંડકના અભ્યાસથી જીવ ચોવિસ દંડકોમાં કેવી કેવી રીતે ભમ્યો છે ? કેવા કેવા જન્મ-મરણો કર્યા ? આધિ-વ્યાધિ- ઉપાધિથી ભરેલા સંસારનો હવે મને ભય લાગે છે... હું અત્યંત ખેદ અનુભવું છે. હે દેવાધિદેવ ! હવે હું ભટકી-ભટકી આપના ચરણમાં અને આપના શરણમાં આવ્યો છું. સંસારથી વિરક્ત થયો છું. તારો ભક્ત બન્યો છું, હવે મારે મન-વચન-કાયાના દંડથી વિરામ પામવું છે જો આ ત્રણ યોગ વિરામ પામે તોજ મને અનંત સુખના ધામ-શાશ્વત સ્થાન સ્વરૂપ મોક્ષપદની પ્રાપ્તિ થાય.

હે વીતરાગ ! મને હવે સત્વરે રાગ-દ્વેષની પરિણતી માંથી મુક્ત બનાવ... જલ્દી મોક્ષપદ આપી સંસારના અને કર્મના બંધમાંથી મુક્ત કર... મુક્ત કર.

सिरि जिणहंस मुणीसर, रज्जे सिरि धवलचंद सीसेण ।
गजसारेण लिहिया, अेसा विन्नत्ति अप्पहिया ।।४२।।

શ્રી જિનહંસ મુનિશ્વરના રાજ્યને વિષે શ્રી ધવલચંદ્ર મુનિના શિષ્ય ગજસાર મુનિએ આ વિજ્ઞપ્તિ પોતાના આત્માના હિતને અર્થે લખી છે.

શ્રી જિનેશ્વર પરમાત્માના જયવંતા શાસનને વિષે જેમનું પુણ્યવંતુ સામ્રાજ્ય પ્રવર્તતું હતું એવા શ્રી જિનહંસ મુનિના શ્રી ધવલચંદ્ર મુનિરાજના શિષ્ય શ્રી ગજસાર મુનિએ પોતાના આત્મહિત અને આત્મકલ્યાણને અર્થે રચના કરી છે પ્રભુ વિજ્ઞપ્તિનો સ્વીકાર કરે.

**દંડકના વિવેચનમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધ -ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.**

# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

૧૮

**મહારાવ ભારમલજી પ્રતિબોધક, યુગપ્રધાન**

## શ્રી કલ્યાણસાગરસૂરિ મ.

વઢિયાર પ્રદેશ...

લોલાડા ગામ....

ત્યાં શ્રીમાલ જ્ઞાતીય, કોઠારી વંશીય શ્રેષ્ઠી નાનિગ અને નામિલદેવી શ્રાવિકા વસતા હતા...

વિ.સં. ૧૬૩૩ ના વૈશાખ સુદ ૬ ના શુભ દિવસે નામિલદેવી એ પુત્રરત્નને જન્મ આપ્યો... બાળકનું નામ રાખવામાં આવ્યું કોડનકુમાર ...બાળક સ્વરૂપે ઈન્દ્ર જેવો પ્રભાવશાળી હતો.માતા નામિલદેવીએ ગર્ભાધાન સમયે ઉગતા સૂર્યને નિરખ્યો હતો. તીર્થંકર પરમાત્માની માતા જે ચૌદ સ્વપ્ન નિહાળે છે એમાં પણ સાતમા સ્વપ્નમાં સૂર્ય નિહાળે છે. કુળગુરુ શ્રીધર ભટ્ટને સ્વપ્નનું ફળ પૂછતાં તેમણે દૈવી પુત્ર જન્મનું ફળ સૂચવ્યું હતું. કોડન પાંચેક વર્ષનો થયો તે વખતે અંચલગચ્છાધિપતિ ધર્મમૂર્તિસૂરિ વિહરતા લોલાડામાં પધાર્યા... શ્રેષ્ઠી નાનિગ વ્યાપાર અર્થે પરદેશ ગયોહોઇને બાળક માતા સાથે ગુરુવંદનાર્થે ઉપાશ્રયમાં ગયો અને દૈવી સંકેતાનુસાર ગુરુના ખોળામાં દોડીને બેસી ગયો. આથી સૌ આશ્ચર્યચકિત થઇ ગયાં. ગુરુએ બાળકનાં સામુદ્રિક લક્ષણો જોઇને નામિલદેવી પાસે તેની માગણી કરી. અને જણાવ્યું કે તેના દ્વારા જૈન શાસનનો મહિમા વધશે. બાળકના પિતા પરદેશ ગયા હોઇને તે બહાનું આગળ ધરીને માતાએ પોતાની અનિચ્છા વ્યક્ત કરી. બાળક નવ વર્ષનો થયો ત્યારે સૂરિ પુનઃ ત્યાં પધાર્યા. એમની વૈરાગ્ય-ગંભીર વાણીનું શ્રવણ કરીને કોડનને વૈરાગ્ય ઉત્પન્ન થયો. માતા-પિતાની આજ્ઞા લઇને તેણે ગુરુનો સંગાથ લીધો.

ધર્મમૂર્તિસૂરિ બાળકને લઇને ધવલકપુર ધોળકામાં પધાર્યા. વિ.સં. ૧૬૪૨ ના ફાગણ શુદિ ૪ ને શનિવારે ત્યાં તેને દીક્ષા આપીને તેનું કલ્યાણસાગરમુનિ એવું નામાભિકરણ કર્યું. ત્યાંના નાગડા ગોત્રીય માણિક નામના ધનવાન શ્રેષ્ઠીએ પાંચ હજાર ટંક ખરચીને દીક્ષા-મહોત્સવ કર્યો. પાલિતાણામાં વિ. સં. ૧૬૪૪ના મહા શુદિ ૫ ને દિવસે વડી દીક્ષા આપવામાં આવી હતી. ગુરુએ પુંડરગિરિ-શત્રુંજયમાં જિનેશ્વર પ્રભુનું ધ્યાન ધરતાં તેમને જણાયું કે નવોદિત શિષ્ય સર્વગુણ સંપન્ન છે. આથી તેમને યોગ્ય જાણીને વિ.સં. ૧૬૪૯ના મહા સુદિ ૬ને રવિવારે અહમ્મદપુર-અમદાવાદમાં આચાર્યપદે વિભૂષિત કરવામાં આવ્યા. તે અવસરે દીવ બંદરના મંત્રીવર્ય ગોવિંદ શાહે ઘણું ધન ખરચીને પદોત્સવ કર્યો એ પછી ચરિત્રનાયકનો મહિમા સર્વત્ર વિસ્તાર પામ્યો.

વિ.સં. ૬૧૭૧માં ધર્મમૂર્તિસૂરિ પાટણમાં કાલધર્મ પામતાં તે જ વર્ષે પોષ વદિ ૧૧ ના દિને કલ્યાણસાગરસૂરિને ત્યાં ગચ્છનાયકપદે વિભૂષિત કરવામાં આવ્યા. અંચલગચ્છના ૬૫ મા પટ્ટધર તેઓ થયા. એ વખતે મહોપાધ્યાય રત્નસાગરજી આદિ જેવા વયોવૃદ્ધ તેમજ જ્ઞાનવૃદ્ધ બીજા શિષ્યો પણ હોવા છતાં ધર્મમૂર્તિસૂરિએ પોતાના અનુગામીની પસંદગી કલ્યાણસાગરસૂરિ જેવા યુવાન શિષ્ય ઉપર ઉતારી, જે દ્વારા તેમની ઉચ્ચ પ્રતિભાના આપણને દર્શન થઇ શકે છે. એ વખતે એમની ઉંમર આડત્રીસ વર્ષની જ હતી.

એ પછી બીજે જ વર્ષે એટલે કે વિ.સં. ૧૬૭૨માં ઉદેપુરના સંઘે ચરિત્રનાયકને 'યુગપ્રધાન'પદે વિભૂષિત કર્યા...

કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી જામનગરના મંત્રી બાંધવો વર્દ્ધમાન-પદ્મસિંહ શાહે વિપુલ ધન ખરચ્યું છે. .. સૂરિનો ઉપદેશ સાભંળીને વિ.સં. ૧૬૫૦માં તેમણે શ્રી શત્રુંજયનો વિશાળ તીર્થસંઘ કાઢેલો. સંઘ જામનગર પધાર્યો ત્યારે સંઘપતિઓએ જામ જસવંતસિંહને મૂલ્યવાન ભેટણું ધર્યું... રાજાએ પ્રસન્ન થઇને તેમને કશુંક માગવાનું કહ્યું. એટલે સંઘપતિ બાંધવોએ સંઘના રક્ષણાર્થે સુભટો માગ્યા. રાજાએ એકસો સશસ્ત્ર સુભટો આપીને સંઘપતિ બંધુઓ પાસેથી વચન માગ્યું કે તેમણે જામનગરમાં વસીને વ્યાપાર કરવો. રાજ્ય તરફથી તેમને બધી સગવડો કરી આપવામાં આવશે ઇત્યાદિ ખાત્રીઓ પણ રાજાએ આપી. સંઘપતિઓએ રાજાની વાત સ્વીકારી લીધી. આથી હર્ષિત થઇને રાજાએ તેમને વસ્ત્રાભૂષણો આદિ શિરપાવ આપ્યો.

એક માસ બાદ સંઘ શ્રી શત્રુંજય પહોંચ્યો અને શ્રી આદિશ્વર પ્રભુના દર્શન કરીને કૃતાર્થ થયો. પંદર દિવસ સુધી ત્યાં રહીને સંઘપતિઓએ ધર્મકાર્યાદિમાં પ્રચુર દ્રવ્ય ખરચ્યું. ગિરિરાજ ઉપર રાજા સંપ્રતિ, કુમારપાલ, મંત્રીશ્વર વિમલ તથા વસ્તુપાલ-તેજપાલ વગેરે દ્વારા નિર્મિત ભવ્ય જિનાલયોની શ્રેણિ જોઇને કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી વિ. સં. ૧૬૫૦ના માગશર વદિ ૯ ના દિને બે જિનાલયોનું ખાતમુહૂર્ત કર્યું... આ તીર્થ સંઘમાં ઉપસ્થિત રહેલા સુપ્રસિદ્ધ શ્રેષ્ઠીવર્ય રાજસી શાહ નાગડાએ પણ સૂરિજીના ઉપદેશથી ૧૩ ના દિને શુભ મુહૂર્તમાં જિનાલયનું ખાતમુહૂર્ત કર્યું. ત્યાર બાદ તીર્થયાત્રાથી પાવન થઇને સંઘ સ્વસ્થાને પાછો પધાર્યો. વચનાનુસાર સંઘપતિ બાંધવો જામનગરમાં આવીને વસ્યા. તેમની સાથે ૫૦૦૦ ઓશવાળો પણ ત્યાં વસ્યા. તેમણે ખુબ વ્યાપાર વૃદ્ધિ કરીને જામનગરની સમુદ્ધિને વધારી. રાજાએ પ્રસન્ન થઇને તેમને પોતાના મંત્રીઓ નીમ્યા.

પદ્મસિંહ શાહનાં પત્ની કમલાદેવીની પ્રેરણાથી બન્ને બાંધવોએ જામનગરમાં ભવ્ય જિનાલય બંધાવવાનો નિર્ણય કર્યો.. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી તેનું વિ.સં. ૧૬૬૮ના શ્રાવણ શુદિ ૫ ના દિને ઉત્સવપૂર્વક ખાતમુહૂર્ત થયું. ૬૦૦ કુશળ સલાટોએ આઠ વર્ષ સુધી કામ કરીને ભવ્ય જિનપ્રાસાદ તૈયાર કર્યો. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી તેની વિ.સં. ૧૬૭૬માં વૈશાખ શુદિ ૩ ને બુધવારે

મૂળનાયકશ્રી શાંતિનાથ ભગવાન સમેત ૫૦૧ જિનબિમ્બોની પ્રાણપ્રતિષ્ઠા થઇ. એ પછી વિ. સં. ૧૬૭૮ ના વૈશાખ શુદિ ૫ ને શુક્રવારે ભમતીની દેવકુલિકાઓમાં દ્વિતીય પ્રતિષ્ઠા થઇ. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી તેમણે મોડપુર, છીકારી, આદિ સ્થાનોમાં પણ શિખરબંધ જિનાલયો બંધાવ્યા. શત્રુંજયમાં એમના બન્ને જિનાલયોનું કાર્ય પૂર્ણ થતાં ત્યાં વિ. સં. ૧૬૭૫માં વર્ધમાન, તથા પદ્મસિંહ શાહે પોતાનાં જિનમંદિરોમાં અનુક્રમે શ્રી શાંતિનાથ, શ્રી શ્રેયાંસનાથ, આદિ જિનબિંબોની અંજનશલાકા કરાવીને પ્રતિષ્ઠા કરાવી. વિ.સં. ૧૬૭૬ ના ફાગણ શુદિ ૨ ના દિવસે પદ્મસિંહ શાહે દ્વિતીય પ્રતિષ્ઠા પણ કરાવી. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી તેમણે ધર્મકાર્યોમાં અઢળક ધન ખરચ્યું. પાછળથી રાજ-ખટપટ જાગતાં જામનગર છોડીને તેઓ પુનઃ ભદ્રાવતીમાં આવીને વસ્યા ઇત્યાદિ કડીબંધ પ્રમાણો મળે છે. ચરિત્રનાયકના ઉપદેશથી બન્ને બાંધવોએ પાવાગઢ, ગિરનાર, તારંગા, આબૂ, સમ્મેતશિખર, શત્રુંજય આદિ અનેક તીર્થોની યાત્રાઓ કરીને ત્યાં જીર્ણોદ્ધારનાં કાર્યો કર્યા. ભદ્રેશ્વરતીર્થનો પણ તેમણે જીર્ણોદ્ધાર કર્યો અને પ્રતિષ્ઠાઓ કરાવીને ઘણું ધન ખરચ્યું...

કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી આગરા નિવાસી લોઢાગોત્રીય મંત્રી બાંધવ કુંરપાલ-સોનપાલે પણ ધર્મકાર્યોમાં વિપુલ દ્રવ્ય ખરચ્યું. એમની રાજકીય કારકિર્દી પણ ગરિષ્ટ છે. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી તેમણે વિ.સં. ૧૬૭૦ માંઆગરાથી સમ્મેતશિખરજીનો ઐતિહાસિક સંઘ કાઢ્યો હતો એ પહેલાં પણ તેમણે વિ.. સ. ૧૬૫૭ માં આગરાથી શ્રી શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો. તેમ જ આગરામાં અંચલગચ્છીય શ્રમણો માટે બે મજલાનો મોટો ઉપાશ્રય બંધાવી આપ્યો હતો.

આગરામાં તેમણે બે જિનાલયો બંધાવ્યાં. અને વિ. સં. ૧૬૭૧ ના વૈશાખ શુદિ ૩ ને શનિવારે મૂળનાયક શ્રી મહાવીરસ્વામી તથા શ્રી શ્રેયાંસનાથ સમેત ૪૫૦ જિનબિંબોની ભવ્ય પ્રતિષ્ઠા કરાવી. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી આ યાદગાર પ્રતિષ્ઠા આગરામાં સંપન્ન થઇ.

વિ. સં. ૧૬૬૫માં શત્રુંજયનો મોટો તીર્થસંઘ કાઢયો. આ સંઘમાં સંઘનાયક શ્રેષ્ઠી વર્દ્ધમાન તથા પદ્મસિંહ શાહ પણ ઉપસ્થિત રહેલા. હાલાર સિંધ, સોરઠ, કચ્છ, મરુધર, માલવા, ગુજરાત આગરા વગેરેસ્થાનોથી અસંખ્ય યાત્રિકો આ સંઘમાં એકત્રિત થયેલા.

વિ.સં. ૧૬૬૮માં અક્ષય તૃતીયાના શુભ દિવસે રાયસી શાહે જામનગરમાં ભવ્ય જિનાલય બંધાવવાનું ખાતમુહૂર્ત કર્યું. તે પ્રસંગે સમસ્ત નગરને ભોજનાર્થે નિમંત્રવામાં આવ્યું હતું. સ્વયં જામસાહેબ પણ પધાર્યા. વર્દ્ધમાન-પદ્મસિંહ શાહ મહાજનોને સાથે લઇને પધાર્યા. આખું શહેર ઉત્સવમાં ફેરવાઇ ગયું. વિ.સં. ૧૬૭૫ માં વૈશાખ શુદિ ૮ ના દિને કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી મૂલનાયક શ્રી શાંતિનાથ પ્રભુ સમેત ૩૦૨ જિનબિમ્બોની ઉત્સવપૂર્વક પ્રતિષ્ઠા થઇ. લહાણ આદિ કાર્યોમાં પણ રાયસી શાહે ઘણું ધન ખરચ્યું. જિનાલય પાસે ઉપાશ્રય પણ બંધાવી આપ્યો.

જામનગરના રાજમાન્ય શ્રેષ્ઠી રાયસી શાહ નાગડા પણ કલ્યાણસાગરસૂરિના અનન્ય ભક્ત હતા.

રાયસી શાહે શ્રી ગોડીજીનો સંઘ પણ કાઢ્યો. વિ.સં. ૧૬૮૭ મા મોટો દુકાળ પડેલો તે વખતે તેમણે અન્નક્ષેત્રો ખોલ્યાં અને અનેક લોકોને જીવન-દાન આપ્યું. ભલશારિણી ગામમાં તેમણે ફૂલઝરી નદી પાસે જિનાલય તથા અંચલગચ્છની પૌષધશાળા બંધાવ્યાં. રાજકોટમાં પણ તેમણે ત્યાંના રાજા વિભોજીની પ્રેરણાથી શ્રીકૃષ્ણ મંદિર બંધાવી આપ્યું... કાલાવાડમાં ઉપાશ્રય બંધાવી આપ્યો. હાલારના માંઢા ગામમાં શિખરબંધ જિનાલય બંધાવીને તેની પ્રતિષ્ઠા પ્રસંગે પંચ ધાર ભોજનથી મહારાજા સમેત શ્રી સંઘને જમાડ્યા. ત્યાં પૌષધશાળા પણ બંધાવી. કચ્છ-માંઢામાં પણ રાજવી શાહે જિનાલય બંધીને ત્યાં પોતાનો યશ વિસ્તાર્યો તદુપરાંત પરબો, વિશ્રામગૃહો આદિ બંધાવવામાં પણ તેમણે ઘણું ધન ખરચ્યું. અંચલગચ્છના સાધર્મિક બંધુઓનાં પ્રત્યેક ઘરે પણ તેમણે લહાણી કરી. રાજસી શાહના બંધુ નેણસી શાહે તથા એમના પુત્ર સોમાએ પણ અનેક પુણ્ય-કાર્યો કર્યાં.

વિ. સં. ૧૬૬૯ ના ફાગણ સુદિ ૩ ને શુક્રવારે કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી રાજસી શાહે જામનગરમાં દ્વિતીય પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠા પણ ખૂબ જ ધામધૂમથી સંપન્ન થઇ. સમસ્ત નગરને તેમણે ભોજનાર્થે નિમંત્રીને પકવાન્નભોજન કરાવ્યું. બ્રાહ્મણોને દશ હજાર રૂપીઆનું દાન આપવામાં આવ્યું. ચોથું વ્રત ગ્રહણ કરવાના સમયે પણ રાજસી શાહે સમસ્ત મહાજનોને જમાડ્યા. તેની પત્ની સીરીઆદેએ ગિરિનારનો સંઘ કાઢીને વિ.સં. ૧૬૯૨ ના અક્ષયતૃતીયાના દિને યાત્રા કરીને પંચધાર ભોજનથી સંઘભક્તિ કરી. સીરીઆદેએ માસક્ષમણ કરીને છ'રી પાળતા આબુ અને શત્રુંજયની પણ યાત્રા કરી. વળી રાજસી શાહના દ્વિતીય પત્ની રાણાદેએ પણ સ્વામીવાત્સલ્યાદિ કાર્યોમાં ઘણું ધન ખરચ્યું.

અમદાવાદના ઓશવાળ જ્ઞાતીય, વડેરા શાખીય પારેખ જસુનો પુત્ર લીલાધર કલ્યાણસાગરસૂરિનો ભક્ત હતો. ચરિત્ર નાયકના ઉપદેશથી તેણે વિ.સં. ૧૬૯૦ માં અમદાવાદમાં સુવર્ણમય પ્રતિમા ભરાવી, જયશેખરસૂરિકૃત કલ્પસૂત્ર સુખાવબોધ વિવરણની પ્રત સુવર્ણાક્ષરે લખાવી વિ.સં. ૧૭૧૨ માં લીલાધર શાહે ચરિત્રનાયકને અમદાવાદમાં ચાતુર્માસ કરાવ્યું. તેણે શત્રુંજયનો તીર્થ સંઘ પણ કાઢ્યો. કવિ સૌભાગ્ય સાગરગણિએ ''લીલાધર-રાસ'' માં આ સંઘનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

એ પછી વૃદ્ધ લીલાધર સંઘવીએ વાચક સુખલાભ પાસે દીક્ષા લીધી વિ. સં. ૧૭૧૫ ના ભાદરવા સુદિ ૬ ને મંગળવારે તેઓ કાલધર્મ પામ્યા. ત્યાર બાદ વિ. સં. ૧૭૨૧ ના માગરસ સુદિ ૫ ને મંગળવારે લીલાધરના પુત્રે શ્રી ગોડીજીનો તીર્થસંઘ પણ કાઢ્યો ઇત્યાદિ વર્ણન ઉક્ત રાસની સંવર્દ્ધિત હાથપ્રતમાંથી પ્રાપ્ત થાય છે.

કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી થયેલાં અન્ય કાર્યોની સંક્ષિપ્ત નોંધ આ પ્રમાણે છે.

(૧) મહારાવ ભારમલજીના રાજ્યાધિકારી વોરા ધારસીએ વિ.સં. ૧૬૭૭ ભૂજમાં અંચલગચ્છનો ઉપાશ્રય બંધાવ્યો. તેમણે પોતાના દાદા વીરમશાહની દેરી પણ બંધાવી. અને તેમાં પગલાં સ્થાપ્યાં. વિ.

સં. ૧૬૬૩માં ભૂજના સંઘે શ્રી ચિન્તામણિપાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ કરેલું, તેના ખર્ચમાં ધારસી શાહે ચોથો ભાગ આપ્યો.

(૨) અમદાવાદના શ્રી શ્રીમાલ જ્ઞાતીય શ્રેષ્ઠી ભવાન, ભાર્યા રાજલદેના પુત્રો ખીમજી અને સુપજીએ વિ.સં. ૧૬૭૫માં વૈશાખ શુદિ ૧૩ ને શુક્રવારે શ્રી શત્રુંજયની મૂળ ટૂંકમાં ચૌમુખ જિનાલય બંધાવ્યું.

(૩) અમદાવાદના મંત્રીવર્ય ભંડારીજીએ શત્રુંજયગિરિ ઉપર બંધાવેલા શ્રી ચંદ્રપ્રભુ જિનાલયનો જીર્ણોદ્ધાર વિ. સં. ૧૬૮૩ ના મહા સુદ ૧૩ ને સોમવારે શ્રાવિકા હીરબાઇએ કરાવ્યો. ઉક્ત મંત્રીવર્યની પેઢીમાં તેઓ છઠ્ઠી પેઢીએ થયાં. શત્રુંજયગિરિ ઉપર હીરબાઇએ એક કુંડ પણ બંધાવી આપ્યો. હીરબાઇએ સંઘ સહિત શત્રુંજયની નવ્વાણું વાર યાત્રા પણ કરેલી. આ વંશમાં અનેક મંત્રીઓ થયા છે.

(૪) ખંભાતના રાજમાન્ય શ્રેષ્ઠી નાગજીએ ત્યાં વિશાળ જિનપ્રાસાદ તથા ગચ્છનાયક ધર્મમૂર્તિસૂરિનો સ્તૂપ કરાવ્યા. તત્કાલીન પ્રમાણગ્રંથોમાંથી આ શ્રેષ્ઠી વિશે ઘણા મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો મળે છે. ઓસવાળવંશીય શાહ વત્થાના તેઓ પુત્ર હતા.

(૫) ખંભાતના ઓસવાળ જ્ઞાતીય, ગોખરૂ ગોત્રીય શ્રેષ્ઠી પદ્મસિંહે પ્રતિષ્ઠાદિ કાર્યોમાં ઘણું ધન ખરચ્યું. જૈન ઇતિહાસમાં જગત્ શેઠ પ્રસિદ્ધ પુરુષ થઇ ગયા છે તેમના તેઓ પૂર્વજ હતા. વિ.સં. ૧૬૮૩ માં પદ્મસિંહ શાહ અમદાવાદથી ખંભાતમાં આવીને વસ્યા. અને ત્યાં તેમણે કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પાંચ સ્ફટિકમય બિંબ પ્રતિષ્ઠિત કર્યા. સૂરિજીને તેમણે પાંચ સુવર્ણાક્ષરી કલ્પસૂત્રોની પ્રતો લખાવીને વહોરાવી તેમ જ ચાર મોતીમય પૂડાઓ અર્પણ કર્યા. તેમણે શ્રી શત્રુંજયનો તીર્થસંઘ પણ કાઢ્યો હતો તથા ગ્રન્થોદ્ધારમાં ઘણું ધન ખરચ્યું હતું. તેના પુત્ર અમરદત્તને શાહજહાંએ 'રાય'ની પદવી આપેલી. તેના પુત્ર ઉદયચંદ અને તેના ફતેહચંદ જેઓ જગત્શેઠની ઉચ્ચ પદવી પામ્યા.

કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી વિ.સં. ૧૬૮૩મા જેઠ શુદિ ૬ ને ગુરુવારે પદ્મસિંહ શાહે ખંભાતમાં ઐતિહાસિક પ્રતિષ્ઠા કરાવી હતી. તે સમયના અનેક ઉત્કીર્ણિત લેખો ઉપલબ્ધ થાય છે. અન્ય શ્રેષ્ઠીવર્યોએ પણ એ સમયે જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવેલી. તેમના મૂર્તિલેખોમાં ''પદ્મસિંહ કારિત પ્રતિષ્ઠાયાં'' એવો ઉલ્લેખ હોઇને એ પ્રતિષ્ઠાનો ખ્યાલ મળી રહેશે. પ્રતિષ્ઠા લેખોમાં જગત્શેઠના પિતા ઉભયચંદને ઉદયચંદ કહ્યા છે. જગત્શેઠનું નામ ભારતના રાજકીય ઇતિહાસમાં પણ અમર છે.

(૬) વિ.સં. ૧૬૮૬ ના ચૈત્ર સુદિ ૧૫ ના દિવસે દેવગિરિ નિવાસી શ્રીમાલીજ્ઞાતિય, લઘુશાખીય શ્રેષ્ઠી તુકજીના પુત્ર હાસુજીએ પોતાના કુટુંબ સહિત શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી અને અદ્ભુદજીના મંદિરનો કોટ સહિત જીર્ણોદ્ધાર કર્યો...

(૭) વિ. સં. ૧૭૦૨ ના માગસર શુદિ ૬ ને શુક્રવારે દીવ બંદર નિવાસી પ્રાગ્વાટ વંશીય મંત્રી કમલસીએ પ્રતિષ્ઠાદિ કાર્યો કર્યાં.

આ ઉપરાંત પણ ચરિત્રનાયકના ઉપદેશથી થયેલી પ્રતિષ્ઠાઓના હજારો લેખો ઉપલબ્ધ થાય છે.

વિ. સં. ૧૬૬૭ના વૈશાખ વદિ ૨ ને ગુરુવારે સુધર્માગચ્છના ભટ્ટારક જયકીર્તિસૂરિના ઉપદેશથી બુરહાનપુરના શ્રેષ્ઠી સોની વિમલે ભરાવેલાં જિનબિંબોની પ્રતિષ્ઠા પણ કલ્યાણસાગરસૂરિની નિશ્રામાં થઇ.

સમ્રાટ્ જહાંગીરને ચમત્કારિત કરવા સંબંધમાં એક આખ્યાયિકા એવી સંભળાય છે કે મંત્રી બાંધવો કુંરપાલ-સોનપાલે આગરામાં બે જિનાલયો બંધાવેલાં કોઇના ચઢાવ્યાથી સમ્રાટે હુકમ કરેલો કે જો પ્રતિમાઓ ચમત્કાર ન દેખાડે તો બન્ને જિનાલયોનો ધ્વંશ કરવામાં આવશે. કલ્યાણસાગરસૂરિના સૂચનથી જહાંગીરે પ્રતિમાને વંદન કરતાં પાષાણ પ્રતિમાએ એક હાથ ઊંચો કરીને સમ્રાટને ઉચ્ચ સ્વરે ધર્મલાભ આપ્યો ! ચમત્કૃત થઇને સમ્રાટે દશહજાર સુવર્ણ મુદ્રિકાઓ સૂરિને ચરણે ધરી. ગમે તેમ, પણ તત્કાલીન પ્રમાણગ્રન્થોમાંથી કલ્યાણસાગરસૂરિને ''બાદશાહ સલેમ જહાંગીરમાન્ય''તો કહેવામાં આવ્યા જ છે.

કલ્યાણસાગરસૂરિ અને કચ્છના મહારાવ ભારમલજી વચ્ચેનો સમાગમ તો ઇતિહાસ-પ્રસિદ્ધ છે. સૂરિના ઉપદેશથી મહારાવે જૈનધર્મના ઉદાત્ત આદર્શોને અપનાવ્યા, તેમ જ પર્વદિનોમાં અમારી પડહની ઉદ્‌ઘોષણાઓ કરાવી. સૂરિ કચ્છમાં સવિશેષ વિચર્યા હોઇને એમની વચ્ચે દીર્ઘસૂત્રી સંપર્ક રહ્યો. આથી જર્મન વિદ્વાન ડો. કલાટે એવું નોંધ્યું કે કલ્યાણસાગરસૂરિએ કચ્છના મહારાવને ધર્મ પરિવર્તન કરાવ્યું.

કલ્યાણસાગરસૂરિ રાજમહેલમાં જે પાટ ઉપર બેઠા હતા તેને ગુરુપાટ જાણી તે ઉપર અન્ય કોઇ ન બેસે એ હેતુથી તેને અંચલગચ્છના ઉપાશ્રયમાં મોકલાવી દેવામાં આવ્યો, જે હજી ત્યાં વિદ્યમાન છે.

મહારાવ ભારમલજી કુંવર ભોજરાજજી પણ સૂરિના અનન્ય ભક્ત હતા વાચક વિનયસાગરે એમની તુષ્ટિ માટે કલ્યાણસાગરસૂરિની આજ્ઞાથી સંસ્કૃતમાં ભોજવ્યાકરણ રચ્યું.

કલ્યાણસાગરસૂરિ સમર્થ પટ્ટધર, પ્રભાવક આચાર્ય ઉપરાંત સારા ગ્રન્થકાર પણ હતા. તેમણે આ પ્રમાણે ગ્રન્થો રચ્યા :-

(૧) શાન્તિનાથચરિત્ર, (૨) સુરપ્રિયચરિત્ર, (૩) જિનસ્તોત્રો, (સચિત્ર) (૪) વિસવિહરમાન સ્તવન, (૫) અગડદત્તરાસ, (૬) પાર્શ્વનાથ સહસ્રનામ, (૭) પાર્શ્વનાથ અષ્ટોત્તરશતનામ, (૮) મિશ્રલિંગકોશ, વિવરણ તેમજ વિવિધ જિનસ્તોત્રો, સ્તવો ઇત્યાદિ.

પંચ્યાશી વર્ષની પાકટ ઉંમરે કલ્યાણસાગરસૂરિ વિ. સં. ૧૭૧૮માં વિહરતા ભૂજમાં પધાર્યા. તેમના પટ્ટશિષ્ય અમરસાગરસૂરિ, મહોપાધ્યાય રત્નસાગરજી સમેત વિશાળ શિષ્ય પરિવારથી વીંટળાયેલા આચાર્યની શ્રેષ્ઠીવર્ય જગડૂશાહે ઘણી ભક્તિ કરી. અહીં સાધારણ માંદગી બાદ સૂરિ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. ભૂજના સંઘે તેમની શાનદાર અંત્યેષ્ઠિ કરી. જગડૂશાહે દાનમાં ૫૦૦૦ મુદ્રિકા ઉછળાવીને અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ત્યાં સંઘે એમની પાદુકાઓની સ્થાપના કરી જ્યાં આજે વિશાળ સ્તૂપની રચના થયેલી છે.

આવા મહાપ્રભાવક યુગપ્રધાન દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

ચૌદમા ગુણસ્થાનકે બે સમય બાકી હોય એના પહેલા પંચ્યાસી (૮૫) પ્રકૃતિની સત્તા હોય છે.... એક સમય બાકી હોય ત્યારે તેર (૧૩) પ્રકૃતિની સત્તા હોય છે... અંતસમયે સત્તા રહિત થઇને મુક્તિમાં જાય છે.

पूर्व प्रयोग तोऽसंग - भावद्‌बंधविमोक्षतः ।
स्वभावपरिणामाच्च, सिद्धस्योर्द्धगतिभूवेत् ।।१२०।।

કર્મોથી રહિત જે સિદ્ધ ભગવંત એમની એક સમયમાં ઉર્ધ્વગતી થાય છે. ઉર્ધ્વગતીના હેતુ જણાવે છે- (૧) પૂર્વપ્રયોગ (૨) અસંગ (૩) બંધવિમોક્ષ અને (૪) સ્વભાવ.

ઉપરોક્ત ચાર હેતુથી જીવ કર્મક્ષય કરતાં જ સિદ્ધશીલા ઉપર સ્થિર થાય છે. આ ચારે હેતુને દૃષ્ટાંત સહિત આગળ સમજાવે છે.

कुलालचक्रदोलेषु-मुख्याणांहियथागतिः ।
पूर्वप्रयोगतः सिद्धाः, सिद्धस्यो र्ध्वगतिस्तथाः ।।१२४।।

જેવી રીતે કુંભારના ચક્ર તથા ધનુષ્યમાંથી છોડાયેલું તીર, ગોફણમાંથી નીકળેલ પત્થર એમની ગતિ જેમ પૂર્વ પ્રયોગથી હોય છે તેવી રીતે સિદ્ધ પરમાત્માની પણ ગતિ પૂર્વ પ્રયોગથી થાય છે.

मृल्लेपसंगनिर्मोक्षाद्यथोदृष्टास्वलाबुनः ।
कर्मसंगविनिर्मोक्षात्तथासिद्धिगतिः स्मृता ।।१२२।।

જેવી રીતે માટિનો લેપ અલગ થવાથી તુંબડુ સ્વયંમેવ પાણી ઉપર આવી જાય છે. તુંબડા ઉપર માટિનો લેપ કરીને પછી એને પાણીમાં છોડી દેવામાં આવે તો તુંબડું પહેલા પાણીમાં નીચે બેસી જાય. પણ જેમ માટિનો સંગ છૂટી જાય તો સ્વયંમેવ ઉર્ધ્વગતિ પામીને ઉપર આવી જાય છે. તેવી જ રીતે કર્મનો સંગ છૂટી જાય તો આત્માની અસંગથી ઉર્ધ્વગતિ થાય છે.

एरण्डफलबीजादे बंध छेदायद्यथागतिः ।
कर्मबंधनविच्छेदा त्सिद्धस्यपितथेक्ष्यते ।।१२३।।

એરંડાના ફળના બીજની જેમ બંધછેદથી સિદ્ધ પરમાત્માની ઉર્ધ્વગતિ થાય છે. જેવી રીતે એરંડીયાના ફળ પરિપક્વ થાય છે ત્યારે તડકો લાગવાથી એના ફળના બંધન તુટે છે અને બી ઉછળીને દૂર પડે છે તેમજ

કર્મરૂપી બંધન તુટવાથી સિદ્ધ ભગવંતની ઉર્ધ્વગતિ થાય છે.

यथाधस्तिर्यगुर्ध्वच लेष्टंवाद्यग्निवीचय: ।
स्वभावत: प्रवर्त्तंते, तथोर्ध्वगतिरात्मन: ।।१२४।।

જેવી રીતે પત્થરનો નીચે પડવાનો સ્વભાવ છે અને અગ્નિની જ્વાળાનો સ્વભાવ ઉપર જવાનો છે તેવી જ રીતે આત્માનો સ્વભાવ ઉપર જવાનો છે.

नचाधौगौरवाभावान्न तिर्यकप्रेरकंविना ।
न च धर्मास्तिकायस्याभावा कोपरिव्रजेत् ।।१२५।।

સિદ્ધોની ઉર્ધ્વગતી જણાવી તેથી કોઇ શંકા કરે કે સિદ્ધ જીવો નીચે અથવા તિર્ચ્છા કેમ ગતિ ન કરે? તેનું સમાધાન કરતા જણાવે છે કે કોઇ વસ્તુ ભારે વજનવાળી હોય તો તે નીચે પડે (દા.ત. પત્થર) અને સિદ્ધના જીવો તો કર્મગુરુતા રહિત છે... હલકા છે તેથી નીચે ગતિ ન કરે. તેવી જ રીતે કર્મરહિત હોવાથી કોઇ પ્રેરક બળ ન હોવાથી તિર્ચ્છા પણ ગતિ ન કરે.

ઉપરના લોકાન્ત સુધી જ કેમ જાય છે ? અલોકમાં કેમ નહીં ? એવી શંકાનું સમાધાન કરતા કહે છે કે ગતિ સહાયક ધર્માસ્તિકાય અલોકમાં ન હોવાથી અલોકમાં સિદ્ધના જીવો જઇ શકતા નથી.

मनोज्ञासुरभिस्तन्वी, पुण्यापरमभासुरा ।
प्राग्भारानामवसुधा, लोकमूर्ध्निर्व्यवस्थिता ।।१२६।।

ઇસદ્પ્રાગ્ભારા નામની પૃથ્વીને સિદ્ધશીલા કહે છે. આ સિદ્ધશીલા ચૌદ રાજલોકના મસ્તક ઉપર છે. સિદ્ધશીલા પૃથ્વીની ઉપર લોકનો અંત છે. આ લોકાંતને સ્પર્શીને સિદ્ધ પરમાત્માના આત્મપ્રદેશો રહેલા છે. આ ઇસદ્પ્રાગ્ભારા પૃથ્વી કેવી છે? તે જણાવતા કહે છે કે આ પૃથ્વી જોનારના મનને હરણ કરનારી છે. કપુરાદિ સુગંધી વસ્તુથી પણ અધિક સુગંધી હોય છે... સૂક્ષ્મ અવયવવાળી છે. કોમલ છે... પવિત્ર અને કાંતીયુક્ત છે.

नृलोकतुल्य विषकंभा, सितछत्रनिभाशुभा ।
ऊर्ध्वतस्या: क्षिते: सिद्धा, लोकां तेसमयवस्थता ।१२।

વળી આ સિદ્ધશીલા કેવી છે તો કહે છે કે મનુષ્યલોક જેટલા જ ૪૫ લાખ યોજન પ્રમાણવાળી છે. ઉંધા શ્વેત છત્રના આકારની છે.. શુભ્ર છે... સર્વાર્થ સિદ્ધ વિમાનથી ૧ ૨ યોજન ઉપર છે... વચમાં આઠ યોજન જાડી છે અને કિનારીપર માખીના પાંખ કરતા પણ અધિક પાતળી છે.. એની એક યોજન ઉપર અલોક છે.. એના ચોવીસમાં ભાગમાં સિદ્ધ ભગવંતોની સ્થિતિ છે.

कालावसर संस्थाना, यामूषागतसिक्थिका ।
तत्रस्थाकाशसंकाराशाऽऽकारासिद्धावगाहना ।।१२८।।

સિદ્ધ પરમાત્મા જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે જે સંસ્થાનમાં હોય છે તેજ સંસ્થાન મુક્તિના વિષે સિદ્ધના જીવોના આત્મપ્રદેશોનું હોય છે. દ્દષ્ટાંતથી સમજાવતાં જણાવે છેકે સોનાને ગાળવાનું જે પાત્ર મુષાહ છે એમાં જ્યારે સોનું ગાળવામાં આવે છે ત્યારે એનું જે સંસ્થાન છે તેજ સિદ્ધના જીવોનું સંસ્થાન જાણવું.

ज्ञातारोऽ खिलतत्वानां, द्दष्टारश्चैकहेलया ।
गुणपर्याय युक्तानां, त्रैलोक्योदरवर्न्तिनाम् ।।१२९।।

સિદ્ધ ભગવંત ચૌદ રાજલોકમાં જે ગુણપર્યાય યુક્ત સંપૂર્ણ તત્વ તથા જીવાજીવાદિ પદાર્થોને જાણે છે. કેવળ જાણતાજ નથી પરંતુ વિશેષ ઉપયોગથી જુએ પણ છે. એ જોવું એ પણ એક લીલા માત્ર છે.

अनन्तंकेवलंज्ञानं, ज्ञानावरणसंक्षयात्।
अनन्तंदर्शणं चै दर्शणावरणक्षयात् ।।१३०।।

જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી સિદ્ધ ભગવંતને અનંત કેવળજ્ઞાન હોય છે અને દર્શનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી અનંત દર્શન હોય છે.

क्षायिके शुद्धसम्यत्के चारित्र मोहनिग्रहात् ।
अनंतसुखवीर्य्ये च वेदविघ्नक्षयाक्रमात् ।।१३१।।

સિદ્ધ પરમાત્માને શુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ તથા યથાખ્યાત ચારિત્ર સમ્યક્ત્વ મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયથી હોય છે. તેવી જ રીતે વેદનીય કર્મના સંપૂર્ણ ક્ષયથી અનંતસુખ હોય છે અને અંતરાય કર્મના ક્ષયથી અનંતવીર્ય હોય છે.

आयुषः क्षीण भावत्वात्, सिद्धानाम क्षयास्थितिः ।
नामगोत्रक्षयादेवा मूर्त्तानन्तावगाहना ।।१३२।।

આયુષ્ય કર્મનો ક્ષય કરવાથી સિદ્ધોની અક્ષય ગતિ છે. ફરીથી એમને સંસારમાં આવવાનું નથી. નામકર્મ અને ગોત્રકર્મનો ક્ષય કરવાથી સિદ્ધ ભગવંત અરૂપી છે તથા અનંત અવગાહના વાળા છે.

यत्सौख्यंच क्रिशक्रादि - पदवी भोग संभवम् ।
ततोनन्तगुणंतेषां, सिद्धावक्लेशमव्ययम् ।।१३३।।

ચક્રવર્તીપદતથા ઈન્દ્રપદને ભોગવવાથી જે સુખ પ્રાપ્ત થાય છે. તેને ઉત્કૃષ્ટ સુખ કહેવાય છે. પરંતુ આ સુખથી પણ અનંતગણુ અધિક સુખ મોક્ષમાં રહેલા સિદ્ધ ભગવંતોને છે. અજ્ઞાનથી તથા રાગદ્વેષથી કલેશ ઉત્પન્ન થાય છે. પરંતુ સિદ્ધ ભગવંત સંસારથી અને એના કારણભૂત રાગ-દ્વેષથી મુક્ત છે એથી એમને કલેશ નથી. એમનું સુખ કલેશથી રહિત અવ્યય છે. એનો ક્યારે પણ નાશ નથી. આ સુખ આત્મરમણતાનું છે.

यदाराध्यंचयत्साध्यं, यद्ध्येयंयञ्चदुर्लभम् ।
चिदानन्दमयंतत्तै: संप्राप्तम्परम्पदम् ।।१३४।।

આરાધક પુરુષ જેના માટે સુંદર આરાધના કરે છે... જે પદ સાધક પુરુષોને સારી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિકની સાધનાથી પ્રાપ્ત થાય છે... ધ્યાનના કરનારા યોગી પુરુષો નિરંતર જેનું ધ્યાન કરે છે. એવું આ દુર્લભ પદ છે. અભવ્ય જીવોને સદા અલભ્ય છે... દુર્ભવ્ય જીવોને દુઃખ-કષ્ટથી પ્રાપ્ત થાય એવા પ્રકારનું છે. મુક્તિ પામવા યોગ્ય સામગ્રીનો જેમને અભાવ છે એવા ભવ્ય જીવોને પણ સદા દુર્લભ છે. આવું દુર્લભ મુક્તિપદને પરમપદને ચિદાનંદમય સિદ્ધ ભગવંતોએ પ્રાપ્ત કર્યું છે.

नात्यन्ताभावरुपा नच जडिममयी व्योमवद् व्यापिनीनो ।
नव्यावृत्तिन्दधानाविषयसुखधनानेष्यते सर्वविद्भिः ।।
सद्रूपात्मप्रसादातद्दगवममगुणौघेनसंसारसारा ।
नि:सीमात्यक्षसौख्यो दयवसतिरनि:
पातिनी मुक्तिरुत्का ।।१३५।।

અનેક મતાવલંબી આચાર્ય અનેક પ્રકારની મુક્તિને માને છે એમના બધાના કથનનું ખંડન કરીને તાત્વિક મુક્તિનું સ્વરૂપ જણાવે છે.

કેટલાક આચાર્યો અત્યન્તાભાવરૂપ મુક્તિ જણાવે છે...

કેટલાક આચાર્ય જ્ઞાનના અભાવને મુક્તિ કહે છે....

કેટલાક આચાર્ય આકાશની જેમ સર્વવ્યાપી મુક્તિ છે એમ કહે છે...

બીજા આચાર્યો મુક્તિમાં ગયા પછી અવતાર ધારણ કરવારૂપ મુક્તિને માને છે.

કોઇ ક્લિષ્ટકર્મવાળા આચાર્ય વિષયસુખ મય મુક્તિ જણાવે છે....

પરંતુ આ બધું માનવું તે સર્વજ્ઞ ભગવંતના મત વિરુદ્ધ સર્વજ્ઞ ભગવંત વિદ્યમાન ચિદ્રૂપ આત્મપ્રસતિથી સમ્યક્દર્શન, સ.જ્ઞાન, સ.ચારિત્ર સમુહથી અસાર એવા સંસારમાં સારભૂત તથા મર્યાદા રહિત સુખનું સ્થાન તથા અનંત અને અતિન્દ્રિય જે આનંદ એનો અનુભવ કરવાનું સ્થાન તથા અનીઃપાતની એટલે મોક્ષમાં ગયા પછી ફરીથી સંસારમાં આવવાના અભાવરૂપ મુક્તિને માને છે.

इत्युद्धृतो गुणस्थानरत्नराशि: श्रुतार्णवात् ।
पूर्वषिसूक्तिनावैव रत्नशेखरसूरिभि: ।।१३६।।

પૂર્વે કહેલા સ્વરૂપ વિશિષ્ટ ગુણસ્થાન નામના ગ્રંથરૂપી રત્નરાશિને પૂર્વાચાર્યોએ રચેલા અનેક ગ્રન્થરૂપી સમુદ્રથી ઉદ્ધાર કર્યો છે. પૂર્વાચાર્યોની શુદ્ધવાણીરૂપ નાવ ઉપર બેસીને શ્રી રત્નશેખરસૂરિએ સ્વ-પર કલ્યાણને અર્થે ઉદ્ઘૃત કર્યો છે.

**જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.**

# મદ અને માનવી ભાગ-૨

## બળ-મદ

શારીરીક તંદુરસ્તીના કારણે પ્રાપ્ત થયેલા બળનો મદ... અભિમાન કે ફાંકો રાખવો તે બળ મદ છે.

આદિનાથ પ્રભુના પુત્ર બાહુબળીએ બળનો મદ કરી ભાઇની સાથે યુદ્ધ કર્યું....

જયવંતા જિન શાસનના રહસ્યો જ્યારે સાધકની સૂક્ષ્મ દૃષ્ટિ અને બુદ્ધિથી ખુલ્લા થાય છે ત્યારે સ્વયંમેવ એ શાસન પ્રત્યે હાથ જોડાઇ જાય છે. મસ્તક ઝુકી જાય છે. મદ માનવીને કેમ સતાવે છે અને બળવાનને પણ કેવી રીતે કર્મની જંજીરમાં જકડી લે છે એ ખરેખર સમજવા જેવું છે.

પ્રભુ આદિનાથના પુત્ર બાહુબલી અત્યંત બળવાન હતા. ભરત મહારાજાએ સર્વ બંધુઓને પોતાની આજ્ઞા માનવાની વાત જણાવી. પુત્રો પિતાની પાસે શું કરવું ? પુછવા ગયા ! ... પ્રભુએ વૈરાગ્યમય દેશના આપી. અઠ્ઠાણું લઘુ બંધુ રાજ્ય ભરતને આપી સાધુ બન્યા.. પણ બાહુબલી આજ્ઞા માનવા તૈયાર ન હતો. બાહુબલી આજ્ઞા ન માને તો ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશે નહિં. ભરત ચક્રવર્તી જાહેર થાય નહી. ભરત મહારાજાએ ફરી સંદેશો મોકલી આજ્ઞા સ્વીકારવા વિનંતી કરી.

બાહુબલી કહે ૯૮ ભાઇઓ રાજ્ય આપી ગયા હજી સંતોષ ન થયો... એ બિચારા રાજ્ય ત્યાગી સાધુ બન્યા પણ હું બળવાન છું... મારું રાજ્ય સંભાળવા શક્તિમાન છું... યુદ્ધ કરીશ પણ આજ્ઞા નહી સ્વીકારું. બળનો મદ બાહુબલીને વડિલ બંધુ સાથે લડવા પ્રેરીત કરે છે.

ભરત-બાહુબલી સામસામે લડવા તૈયાર થયા... પ્રત્યેક યુદ્ધમાં ભરતનો પરાજય અને બાહુબલીનો વિજય થવા લાગ્યો. જેમ જેમ પરાજય થતો ગયો તેમ તેમ ભરત વધારે મુંઝાવા લાગ્યા... જેમ જેમ વિજય થતો ગયો તેમ તેમ બાહુબલીનો અહંકાર વધવા લાગ્યો...

બાહુબલીને હરાવવા ભરત મહારાજાએ ચક્ર છોડ્યું... ચક્રરત્ન બાહુબળીને પ્રદક્ષિણા આપી પાછું ફર્યું... બાહુબળી નો અહંકાર ક્રોધમાં પરિણમ્યો મારવા મુઠ્ઠી ઉગામી... જ્ઞાનની ચિનગારી પ્રગટી... બાહુબળીએ ભરત સામેનું યુદ્ધ પડતું મૂકી કર્મ સામે યુદ્ધ માંડયું...

બાહુબળીને વડીલબંધુ સાથે યુદ્ધ કરાવનાર બળમદ હતું.. આપણા જીવનમાં તો આવું નથી બનતું ને? બળમદ આપણને નાના કે મોટા નિર્બળો તરફ ક્રુર-નિર્દય નથી બનાવતું ને ? જાગૃત બની... અંતર નિરિક્ષણ કરી જીવનમાંથી આવા બળમદને જલ્દી વિદાય આપી આપણા બળનો ઉપયોગ નિર્બળોના રક્ષણમાં કરીએ.

# રૂપ-મદ

સુંદર અંગ -ઉપાંગ અને રૂપની પ્રાપ્તિ થતાં એ સૌદર્યનો ફાંકો આવે... અભિમાન થાય તે રૂપ-મદ કહેવાય છે.

સનત્-ચક્રવર્તીએ રૂપ-મદ કર્યો હતો.

સનતકુમાર ચક્રવર્તી હતા... છ ખંડના અધિપતિ હતા...

રૂપમાં અજોડ હતા... દેવ કે દેવેન્દ્ર પણ એમની બરોબરી કરી શકે એમ ન હતું.

એકદા દેવેન્દ્રે દેવ સભામાં સનત્ ચક્રવર્તીના રૂપની પ્રસંશા કરી... ત્યાં કોઇ દેવોને શંકા થઇ... શું માનવી દેવથી રૂપમાં ચડી જાય ? એમના મગજમાં આ વાત બેસતી ન હતી. દેવેન્દ્રની વાત સાંભળી સનત્ ચક્રવર્તીના રૂપની પરીક્ષા કરવા બે દેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી અવની પર પધાર્યા...

સનતકુમારના રાજમહેલમાં પધાર્યા... ચક્રવર્તી તો સ્નાન -શૃંગાર સજવા તૈયાર થઇ રહ્યા હતા... બ્રાહ્મણોએ ચક્રવર્તીનું રૂપ જોયું આશ્ચર્ય મુગ્ધ બની ગયા.. આવું અદ્ભૂત રૂપ ?

પણ ત્યાં તો રૂપના મદમાં પાગલ ચક્રવર્તી બોલ્યા આ તો કાંઇ જ રૂપ નથી... હું સ્નાનાદિથી પરિવરી... શૃંગાર અલંકારથી સજ્જ બની રાજ દરબારમાં પધારું ત્યારે મારું રૂપ જોવા પધારજો.

બે કલાક રહીને બ્રાહ્મણો ફરી રાજ દરબારમાં પધાર્યા... સનતકુમારનું રૂપ જોયું અને મસ્તક ધુણાવવા લાગ્યા જાણે કહેતા ન હોય ''ના, રાજવી, ના ! અમે પ્રથમ જોયું તે આ રૂપ નથી !

રાજવી કહે છે- ''એ હું જ છું...''

''રાજન ! બે કલાક પહેલા જે કાયા નિરોગી હતી તે હવે તો રોગી બની ગઇ છે ! રૂપમાં વિકૃતિ આવી ગઇ છે, શરીરમાં સોળ રોગ ઉત્પન્ન થઇ ગયા છે !'' બ્રાહ્મણોએ કહ્યું.

વાતની સત્યતાની ખાત્રી થતાં જ સનતકુમારનો રૂપ મદ ઓસરી ગયો. કાયાની માયા નકામી છે... રૂપ ચાર દિવસની ચાંદની જેવું છે.. સાચું રૂપ દેહમાં નહી આત્માના સ્વરૂપમાં છે આ વાત સમજાઇ ગઇ... વૈદ કે હકિમોના શરણને બદલે અરિહંતનું શરણ સાચું લાગ્યું... શ્રેષ્ઠ લાગ્યું... ચક્રવર્તીની સત્તા કરતાં કર્મસત્તા બળવાન લાગી... છ ખંડના વૈભવ કરતાં આત્મ વૈભવ સુંદર ભાસ્યો... સંસાર કરતાં સંયમ વહાલું લાગ્યું... ભોગ કરતાં ત્યાગથી પ્રીતી બંધાણી અને છ ખંડનો ત્યાગ કરી સનતકુમાર ચક્રવર્તી અણગાર બની ચાલી નિકળ્યા... લબ્ધિવંત બન્યા... પણ કાયાની માયા વિસારી... સ્વરૂપમાં સમાઇ ગયા... જાણે કહેતા ન હોય...

**કાયાની વિસારી માયા, સ્વરૂપેસમાયા એવા, નિર્ગ્રંથનો પંથ, ભવ અંતનો ઉપાય છે...**

# તપ-મદ

દુષ્કર તપ કરનાર તપસ્વી અનેક કર્મોને બાળીને રાખ કરે છે પણ જો એ તપનું અભિમાન આવી જાય... તો તપ-મદથી એના ફળને હારી જાય છે.

કુરગડુ મુનિ સાથેના સાથી મુનિવરોને તપનું અભિમાન થયું હતું...

સંવત્સરીનું પર્વ આવી ઉભું રહ્યું...

નાના-મોટા સહુએ તપનો યજ્ઞ માંડ્યો... કોઇના છ મહિનાના ઉપવાસ... કોઇના પાંચ મહિનાના... કોઇ ચાર મહિનાના ઉપવાસી... કોઇની ત્રણ માસી... બેમાસી... માસક્ષમણ... પણ આ તો કુરગડુ મુનિ છે ! ક્ષુધા વેદનીયનો એવો કારમો ઉદય છે... કાંઇક પેટમાં નાખ્યા વગર શાંત થતો નથી. આજે સહુ સાથી સાધુઓના મહા-તપ છે ત્યારે આ મુનિરાજ દુભાતે હૈયે આહાર વહોરવા નિકળ્યા... સુઝતા આહારમાં ભાત મળ્યા... ભાત લઇને સ્વસ્થાને આવ્યા... ગોચરી આલોવી... સાથી મુનિઓને ગોચરી બતાવી નિમંત્રણા કરી....

સાથી મુનિઓ તપસ્વી હતા... મહા તપસ્વી હતા... પણ તપનું અભિમાન રોમ-રોમમાં વ્યાપેલું હતું આરાધનાનું અભિમાન જ્યારે જીવનમાં આવે છે ત્યારે આરાધના ઉંચે ચઢાવવાને બદલે નીચે પાડે છે. ભાન ભુલાવે છે... સાથી તપસ્વી મુનિઓ ભાન ભુલ્યા... નિમંત્રણા કરનાર મુનિના પાત્રમાં થુકયા... ગમેતેમ અપમાનિત કરીને બોલવા લાગ્યા...

કુરગડુ મુનિ પોતાની જાતને ધન્ય માને છે કે મને તો તપસ્વી મુનિઓ પાસેથી પ્રસાદી મળી... આત્માના અણાહારી પદની ભાવના ભાવતા.. સ્વયંની આહાર સંજ્ઞાની નિંદા કરતા... આંસુ સારતી આંખે આહાર કરવા લાગ્યા... ભવોભવના કર્મને ખપાવવા લાગ્યા... અને ચાર ઘાતી કર્મનો નાશ કરી ખાતાં ખાતાં કેવળી બન્યા...

ચાર માસી... ત્રણ માસી... બે માસી... માસક્ષમણ કરનાર મુનિઓ રહી ગયા અને કુરગડુ મુનિ કેવળી બન્યા ! કેવળજ્ઞાનીને ખમાવતાં સાથી સાધુઓ પણ અંતે કેવળી બની... મોક્ષ રમણીને વર્યા...

મદનું આવું સ્વરૂપ જાણીને... સમજીને મુમુક્ષુ આત્માઓએ ડગલે ને પગલે ચેતતા રહેવા જેવું છે. ક્યાંક પાછલે બારણે પણ મદનો આપણા જીવનમાં પ્રવેશ ન થઇ જાય અને આપણા સાધનાના બાગને વેર-વિખેર ન કરી નાખે એનો ખ્યાલ રાખવો અત્યંત આવશ્યક છે. મદ સાધનને પણ શસ્ત્રબનાવી દેવાની તાકાત ધરાવે છે એનો ખ્યાલ અહિં આવી જ જાય છે. આગળ પણ એક એવી જ કહાની છે જાણવા જેવી... સમજીને સાવધાન બનવા જેવી...

# શ્રુત-મદ

પૂર્વ ભવની આરાધનાના કારણે બુદ્ધિ સારી મળે... ઘણું ભણી શકે પણ એ મેળવેલ જ્ઞાનને જો પચાવી ન શકે તો એને શ્રુત-જ્ઞાનનો પણ ફાંકો આવી જાય.... અભિમાન આવી જાય તે શ્રુત-મદ કહેવાય છે.

શાસ્ત્રમાં સ્થૂલિભદ્રજીને શ્રુત-મદ થયાની વાત પ્રસિદ્ધ છે.

નેપાલ દેશમાં મહાપ્રાણાયામની સાધના કરતાં અંતિમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી પાસે શ્રી જૈન સંઘે અત્યંત હોશિયાર એવા સાધુ સમુહને ચૌદ પૂર્વ ભણવા મોકલ્યા. સ્વ ની સાધના સાથે સંઘ કલ્યાણની ભાવનાથી ભદ્રબાહુસ્વામી મુનિઓને પૂર્વ ભણાવવા લાગ્યા... સર્વ સાધુ ભગવંતો ઉત્સાહથી પાઠ લેવા લાગ્યા... પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ પૂર્વનું જ્ઞાન ભણવું સાધુઓને અઘરું લાગવા માંડ્યું. એક પછી એક સાધુ ઓછા થતાં ગયા. અંતે રહ્યા એક માત્ર સ્થુલીભદ્ર ! દરરોજ નિયમીત પાઠ લે છે... અભ્યાસ ચાલુ છે....

એકદા સ્થુલીભદ્રને યક્ષાદિ સાત બહેન સાધ્વીજી વંદન કરવા આવ્યા.ભણેલા શ્રુતના મદમાં સ્થુલીભદ્રને પોતાના જ્ઞાનનો પ્રભાવ બતાવવાના ભાવ જાગ્યા અને ગુફામાં સિંહનું રૂપ લઇને બેઠા. સાધ્વીજી ભાઇ મહારાજ ન મળતાં તરત પાછા વળ્યા... ભદ્રબાહુએ પુછતાં જણાવ્યું ત્યાં તો ભાઇ મહારાજ નથી... સિંહ છે. ફરી ત્યાં જઇ વંદન કરવા જણાવ્યું સ્વયં જ્ઞાનનો ઉપયોગ આપતાં ભદ્રબાહુસ્વામી વાતને પામી ગયા... એમનું મન ચકડોળે ચડ્યું- ''હવે પછીના જીવો શ્રુત-જ્ઞાનને પચાવી નહી શકે... આહારના અજીર્ણ કરતાં જ્ઞાનનું અજીર્ણ વધારે ખતરનાક છે... આવા અજીર્ણથી જીવોને તથા શાસનને લાભ કરતાં નુકસાની વધારે થશે...''

સમય થતાં સ્થુલીભદ્ર વાચના (પાઠ) લેવા આવ્યા... ભદ્રબાહુસ્વામીએ આગળ પાઠ આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દિધો. સ્થુલીભદ્ર વિચારમાં પડ્યા એમને પોતાની ભૂલ સમજાણી એમણે વારંવાર માફી માગી. પણ ભદ્રબાહુસ્વામી ન માન્યા. સંઘે ઘણી આજીજી કરતાં આગળ કોઇને ન આપવાના શરતે આગળના પૂર્વોનો મૂળ પાઠ આપ્યો. ભાવાર્થ અને રહસ્ય ન શિખવાડ્યા... અને સ્થુલીભદ્રના શ્રુત-મદના પરિણામે આ ભરત ક્ષેત્રનાં ૧ ૪ પૂર્વના રહસ્યનો અને પરંપરાએ ચૌદ પૂર્વનો લોપ થયો.

મદના આવા વિવિધ પ્રકારને અને ફળને જાણી માનવી ! સાવધાન બની સાધનાના પંથે સંચરજે... મદ ક્યાંક તારા સાધના જીવનને સિદ્ધિના શિખરે પહોંચતા પહેલાં ગબડાવી ન દે... સાધનાને ધુળધાણી ન કરી નાંખે એ માટે જાગૃત બનજે....

# દુઃખ ટળે તો સુખ મળે

दु:खद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददिद्रष्ट गुणदोषः ।
यां यां करोति चेष्टां, तया तया दु:खमादत्ते ।।

આ વિશ્વના તમામે તમામ જીવોને દુઃખ ગમતું નથી...

પ્રત્યેક જીવને સુખ જ ગમે છે...

જન્મથી માંડીને મરણ સુધી સતત જીવ સુખને મેળવવાની અને દુઃખને દૂર કરવાની પ્રવૃત્તિ કરે છે. છતાં તેનાથી (તેવી પ્રવૃત્તિથી) જીવ દુઃખ જ પામે છે.

કેવી આશ્ચર્યકારી આ ઘટના છે ? સુખ ગમે છે... સુખ જોઇએ છે... સુખને મેળવવા પ્રયત્ન કરે છે... છતાં તે દુઃખને જ પામે છે...

શું કારણ હશે એની પાછળ ?

સતત દુઃખને દૂર કરવા છતાં જ્યારે દુઃખના ડુંગર તુટી પડતાં હોય... સતત સુખની ઝંખના અને પામવા માટેનો પુરુષાર્થ કર્યા છતાં જ્યારે સુખ દૂર ભાગી જતું હોય ત્યારે સમજુ... શાણા... સજ્જનો એ એની બાબતમાં વિચારણા... સંશોધન કરવું જ જોઇએ.

વિચારણા અને સંશોધન દ્વારા સત્ય શોધી કાઢવું જ રહ્યું. આપણા સહુના પૂજનીક વાચક ઉમાસ્વાતિજીએ પ્રશમરતિ પ્રકરણમાં એજ બાબતની ચર્ચા કરી છે.

ઉમાસ્વાતિજી મહારાજ કહે છે– ''હે અજ્ઞાની જીવ ! તું મોહમાં પાગલ બનેલો છે !.. તારા વિવેક ચક્ષુ બિડાઇ ગયા છે... તેથી તારા માટે હિતકર શું અને અહિતકર શું ? તે તું જાણતો નથી... સમજી પણ શકતો નથી...

આ બધાને કારણે દુઃખ ઉપર અણગમો થાય છે સુખ ઉપર પ્રેમ જાગે છે.... એનાથી રાગ દ્વેષની પરિણતિ જાગી ઉઠે છે જે અંતે કર્મબંધનું અને પરંપરાએ સંસારનું અને સંસારના સમસ્ત દુઃખોનું મુળ છે...

અજ્ઞાની જીવને સંસારમાં ઇન્દ્રિયોના વિષયો–વિષય સુખો વહાલા લાગે છે. પણ વહાલા અને મીઠા લાગતા આ સંસારના સુખોનું અંતિમ પરિણામ શું ? ઇન્દ્રિયોના સુખો જીવને આજે જ મળ્યા છે એવું ક્યાં છે ? અનાદિ કાળથી આ ઇન્દ્રિયોના સુખો આ જીવે ઘણા ભોગવ્યા પણ એને ક્યાંય તૃપ્તિ ન થઇ.

આજના મળેલા સુખો કરતાં અનેક ગણા સુખો રાજા-મહારાજાના ભવમાં... દેવાદિના ભવોમાં આ જીવે ભોગવ્યા... પણ ન વિષયોથી વિરામ પામ્યો કે ન તો વિષયોના વિષચક્રને કે એના વિષમ વિપાકને સમજી શક્યો....

જીવ જે... જે ગતિમાં... જે... જે... યોનિમાં... જે... જે... જાતિમાં જાય છે તે તે સ્થાન અનુરૂપ જીવને ઇન્દ્રિયો મળે છે. જીવ એકેન્દ્રિયમાં હોય તો તો એક જ સ્પર્શેન્દ્રિય હોય છે.... પણ જેમ જેમ ઇન્દ્રિયો વધતી જાય તેમ તેમ સુખની લાલસાઓ પણ વધતી જ જાય છે... આ ઇન્દ્રિયોના સુખની લાલસા મહાકાય જીવોને પણ પછાડે છે.

હાથી જેવા બળવાન-સ્થુલ પ્રાણીને પકડવા માટે એની ઇન્દ્રિય સુખ-લાલસાની નબળી કડીને જ નજરમાં રાખવામાં આવે છે.

હાથીને પકડવો હોય તો તેની નજીકમાં એક મોટો ખાડો ખોદવામાં આવે છે. તેની સામે બાજુ હાથણીને ઉભી રાખવામાં આવે છે... અથવા ખાડામાં કાગળની હાથણી બનાવીને રાખવામાં આવે છે... ખાડાની આજુ બાજુ હાથીણીનું મુત્ર છાંટવામાં આવે છે. હાથીણીના મુત્રની ગંધથી આકર્ષાઇને હાથી ત્યાં આવે છે. ખાડાની પાસે આવતાં જ કાગળની હાથણીને જોઇને કામવિકારને વશ થાય છે. દોડતો દોડતો આવી હાથણી પાસે જવા ઉતાવળો થાય છે. ત્યાં ખાડામાં પડીને પોતાની જાતને બંધનગ્રસ્ત બનાવે છે.

સ્પશેન્દ્રિયને વશ થવાથી હાથી જેવા બળવાન પ્રાણીની હાલત એવી થાય છે.

હે જીવ ! આવી હાલત તારી પોતાની અનેક ભવોમાં સ્પર્શેન્દ્રિયના વશથી થઇ છે. શું તું હજી નહી જાગે... આવ તને બીજી વાત સમજાવું.

સ્પર્શેન્દ્રિય પછી આવે રસનેન્દ્રિય! આ રસનેન્દ્રિયની ગુલામીએ બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા જીવોને પટક્યા છે.

માછલાને પકડવા હોય કે ઉંદરને પકડવા હોય... એમની રસનેન્દ્રિયની નબળી કડીને જ લક્ષમાં લેવાય છે.... માછલાઓને પકડવા જાળમાં ખાદ્ય પદાર્થ આંકડામાં ભરાવે અને ઉંદરને પકડવા પાંજરામાં ખાદ્ય પદાર્થ આંકડામાં ભરાવે...જેને ખાવાની લાલચથી માછલા જાળમા ફસાય... ઉંદર પાંજરામાં ફસાયા છે... બંધનમાં પડવાથી અંતે મરણને શરણ થાય છે.

આપણે આવા મરણને શરણ કેટલીવાર થયા ? હજી રસનેન્દ્રિયને જીતી કે આપણે એના ગુલામ જ રહ્યા.

એક એક ઇન્દ્રિયની પરવશતાએ આપણને અનાદિકાળથી રખડાવ્યા છતાં આપણો આત્મા જાગતો

નથી. સાવધાન તો એ કહેવાય જે આગળ ચાલતાને ઠેસ લાગેલી જાણી-જોઇ જાગ્રત બની જાય છે. આપણે ક્યારે જાગૃત બનીશું ?

**આવો જોઈએ ઘ્રાણેન્દ્રિયની લુબ્ધતાના પરિણામ !**

સુંગંધના મોહથી મુક્ત આકાશમાં ઉડતો ભમરો કમળ ઉપર જઇને બેસે છે... સુગંધને છોડવાની ઇચ્છા થતી નથી... સાંજ સુધી એના ઉપર બેસી રહે છે... એમાં જ મસ્ત બને છે... સાંજ થતાં કમળ બીડાવા માંડે છે... ભમરો સમજે છે કમળ બીડાઇ જશે પણ ઘ્રાણેન્દ્રિયની લુબ્ધતા એને મુક્ત ગગનમાં ઉડવા દેતી નથી... કમળની સુગંધમાં જકડી રાખે છે... ભમરો હમણાં ઉડું છું... હમણાં ઉડું છું એવું વિચારે છે ત્યાં તો કમળ બીડાઇ જાય છે... આકાશમાં ઉડતો ભમરો કમળમાં કેદ થઇ જાય છે. આખી રાત ભમરો કમળમાંથી બહાર નીકળી શકતો નથી. અંદર બેઠા-બેઠા ગુંગળાય છે.. પસ્તાય છે. ત્યાં એક આશા હોય છે સવાર થશે... સૂરજ ઉગશે... કમળ ખીલશે... એટલે હું ઉડી જઇશ.... પણ એના મનના મનોરથ મનમાં જ રહી જાય છે... પ્રભાત થતાં પહેલાં જ ત્યાં જલાશયમાં પાણી પીવા હાથી આવે છે... કમળને ઉખેડીને ખાઇ જાય છે... બિચારો ભમરો મરણના શરણે જાય છે.

આવી કેદની યાતના... મરણની વેદના આપણા જીવે ઇન્દ્રિયોની પરાધીનતા અને ગુલામીના કારણે અનંતીવાર ભોગવી છતાં પણ સત્ય સમજાયું નહીં.

આવી જ ઘ્રાણેન્દ્રિયની ગુલામીથી મરણ પામતા ભમરાઓની બીજી પણ કહાની છે.

હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરે છે. આ મદની સુગંધથી ખેંચાઇને જ હાથીના મસ્તક પાસે અને પડખે ઘણા ભમરાઓ ભેગા થાય છે... ગુંજારવ કરે છે... ભમરાઓના ગુંજારવથી કંટાળેલો હાથી સતત કાન ફફડાવ્યા કરેછે. તેના ઝપાટામાં આવવાથી અનેક ભમરાઓ મરણ પામે છે.

આવી કેટલીય મરણ વેદના અજ્ઞાનદશામાં આ જીવે ભોગવી છે...

**આ છે ચક્ષુરિન્દ્રિયની ગુલામીની કથા...**

સૂર્ય અસ્ત પામે છે... ધીમે ધીમે અંધકારનું સામ્રાજ્ય ચારે બાજુ જામે... અંધકારને દૂર કરવા, પ્રકાશને પામવા ઘર ઘર દીવા પ્રગટે. દીવાની સુવર્ણમય જ્યોત જોઇને પતંગિયું ભાન ભૂલે... પરિણામનો વિચાર ચૂકે છે. જ્યોતિમાં મોહ પામે છે... આકર્ષણ પામીને જ્યોતિ ઉપર પડે છે... તરત જ બળીને નાશ પામે છે.. આ કેવી કારમી ગુલામી છે !

**હવે આવે છે પાંચમી શ્રોતેન્દ્રિયની ગુલામીના કરૂણ અંજામને દર્શાવતી વાસ્તવિકતા !**

મુક્ત જંગલમાં દોડતા હરણીયા હોય કે પોતાના દરમાં રહેતો સર્પ હોય એમને પકડવા શું કરવામાં આવે છે ? જાણો છો તમે ? ના ? તો સાંભળો...

જ્યારે હરણને પાસલામાં ફસાવવા હોય છે ત્યારે પારધિ પહેલા જાળ પાથરે છે. પછી પારધી ત્યાં

સુંદર... કર્ણપ્રિય સંગીત છેડે છે. મધુર સંગીત સાંભળતાં જ થોડા સમયમાં જંગલના હરણ આવે છે... ભેગા થાય છે. સંગીત સાંભળવામાં લયલીન બની જાય છે... બિચારાઓને ખબર નથી કે આ સંગીત સાંભળવા જતાં પ્રાણ ગુમાવવા પડશે. જ્યાં હરણો સ્થિર થઇને સંગીત સાંભળે છે ત્યાં તો પારધી પાથરેલી જાળ સંકોચી લે છે... ભોળા હરણીયા તેનો ભોગ બને છે. આ છે શ્રોતેન્દ્રિયની પરવશતાનું ફળ...!

આવી જ હાલત છે સર્પ કે નાગ-નાગણીની. કર્ણને વશ થઇને સર્પ વાંસળીનો સ્વર સાંભળવા પોતાના દરમાંથી બહાર નીકળે છે અને ગારુડી તેને પકડી લે છે... એટલે એને જન્મ પર્યન્ત કેદખાનામાં પુરાઇ રહેવું પડે છે.

આવી તો એક એક ઇન્દ્રિયની પરાધીનતાના ભયંકર પરિણામોને દર્શાવતી અનેક કથાઓ છે. આ કથાઓની વાત બતાવી સૂજ્ઞ મુનિ ભગવંત આશ્રવ ભાવના આલેખતાં કહે છે-

**મૃગ પતંગ અલિ માછલો કરિ એક વિષય પ્રપંચ**
**દુઃખીયા તે કિમ સુખ લહે રે, જસ પરવશ એહ પંચો રે...**

હે માનવી ! સમજ તો ખરો.... એક એક ઇન્દ્રિયની ગુલામી હરણ, પતંગિયા, ભ્રમર, માછલા અને હાથીને મોતના ઘાટ ઉતારે છે... દુઃખી-દુઃખી કરી દે છે તો જે પાંચે-પાંચ ઇન્દ્રિયોનો ગુલામ છે એની હાલત શું થશે ? તે કેમ સુખીયો થઇ શકશે ?

ઇન્દ્રિયોની ગુલામી એ સુખનો નહી દુઃખનો માર્ગ છે. સુખનો માર્ગ ઇન્દ્રિયોને જીતવાથી મળે છે. સુખી બનવા માટે જીતેન્દ્રિય બનવું પડે છે. જે જીતેન્દ્રિય બન્યા છે તે જ સુખને પામ્યા છે સુખી બન્યા છે.

કામભોગમાં સુખ નથી... સુખાભાસ છે સાચું સુખ તો છે કામવિજેતા બનવામાં. આ વાત સ્થુલીભદ્રે પુરવાર કરી બતાવી છે....

આહાર સંજ્ઞાની ગુલામીમાં સુખ નથી... સુખાભાસ છે. સાચુ સુખ તો છે અણહારી પદને પામવામાં.

ચાલો તૈયાર થઇ જાવ....

દુઃખ ટાળવું હોય, સુખ પામવું હોય...

તો ઇન્દ્રિયોના દાસ નહીં સ્વામી બનવા પુરુષાર્થ આદરીએ...

એજ એક માત્ર સુખ પ્રાપ્તિનો રાજમાર્ગ છે.....

